# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-04-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.નમસ્કાર.....

---

## PM-મુદ્રા યોજના:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું છે કે, દરેક મહત્વાકાંક્ષી ઉદ્યોગસાહસિકને ધિરાણની સુવિધા મળે અને વિકાસની તક મળે તે માટે તેમની સરકાર એક મજબૂત માળખું સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખશે. પ્રધાનમંત્રી મુદ્રા યોજનાના 10 વર્ષ થવા અંગે શ્રી મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં વધુમાં જણાવ્યું કે, આ યોજનાએ નાણાકીય સમાવેશ ઉપરાંત સામાજિક સમાવેશ અને આર્થિક સ્વતંત્રતા પણ સુનિશ્ચિત કરી છે.

પ્રધાનમંત્રી મોદીએ તેમના નિવાસસ્થાને આ યોજનાના લાભાર્થીઓ સાથે વાતચીત કરતાં ભાર મૂક્યો હતો કે મુદ્રા યોજનાએ અસંખ્ય લોકોને ઉદ્યોગસાહસિક કૌશલ્ય દર્શાવવાની તકો આપી છે. તેમણે કહ્યું કે, આ યોજનાનો હેતુ યુવાનોને સશક્ત, આત્મનિર્ભર અને આત્મવિશ્વાસુ બનાવવાનો છે.

--------------------------------------------------------------------------------

## કોંગ્રેસનું અધિવેશન:

અમદાવાદમાં આજે કોંગ્રેસની કાર્યકારી સમિતિની બેઠક યોજાઇ હતી. શાહિબાગ સ્થિત સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક ખાતે યોજાયેલી આ બેઠકમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ પોતાના ઉદઘાટન ભાષણમાં જણાવ્યું કે, મહાત્મા ગાંધીના કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ બનવાની શતાબ્દીનું આ વર્ષ છે. બેઠકમાં સોનિયા ગાંધી,રાહુલ ગાંધી સહિતના કોંગ્રેસના ટોચના નેતાઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

દરમ્યાન, આજે સાંજે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ગુજરાતની સંસ્કૃતિને પ્રદર્શિત કરતો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. જ્યારે, કોંગ્રેસનું રાષ્ટ્રિય અધિવેશન આવતીકાલે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાશે.

---------------------------------------------------------------------------------------------

## જીલ્લામાં ગરમીનું પ્રમાણ :

જીલ્લામાં આકરા તાપ અને અસહ્ય ગરમીનો દોર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લા મથક ભુજમાં આજે તાપમાન 43 ડિગ્રી સુધી પહોંચ્યું હતું.

હવામાન વિભાગે જીલ્લામાં આગામી બે દિવસ માટે રેડ એલર્ટ અને ત્યારબાદ એક દિવસ માટે ઓરેન્જ એલર્ટની ચેતવણી જાહેર કરી છે. વિભાગે આગામી ત્રણ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન 41થી 45 ડિગ્રી વચ્ચે રહેવાની આગાહી કરી છે. આ ઉપરાંત બે દિવસ માટે વોર્મ નાઈટ એટલે કે રાત્રે પણ ઉકળાટ અનુભવાશે તેવી પણ ચેતવણી આપવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------

## ગરમીની જન જીવન પર અસર:

કચ્છમાં ચૈત્ર માસની ભીષણ ગરમીથી જિલ્લાનું જનજીવન વ્યાપક રીતે પ્રભાવિત થયું છે.

અસહ્ય ગરમીના પગલે લોકો બપોરે કામ સિવાય ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. જેથી, સામાન્ય રીતે ધમધમતી રહેતી બજારો અને રસ્તાઓ સૂમસામ દેખાઈ રહ્યા છે.

સતત પડી રહેલી ભારે ગરમીના કારણે લોકો અનેક શારીરિક તકલીફોનો સામનો કરી રહ્યા છે. ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં ઋતુજન્ય બીમારીઓના દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. લોકોમાં માથાનો દુખાવો, આંખો અને ત્વચા બળવાની સમસ્યાઓ વધી છે. નાના બાળકો અને વૃદ્ધોના સ્વાસ્થ્ય પર વિશેષ અસર જોવા મળી રહી છે.

આગામી દિવસોમાં પણ રેડ એલર્ટની આગાહીને પગલે માલધારીઓ, રણ વિસ્તાર અને ઝુપડપટ્ટીમાં રહેતા લોકો પણ ચિંતામાં મુકાયા છે.

---------------------------------------------------------------------------------------------

## ગરમીની ઉધોગો પર અસર:

કાળઝાળ ગરમીનો સીધો પ્રભાવ અર્થતંત્રની મહત્વની કડી એવા ગાંધીધામ કંડલા સંકુલની ઔધોગિક ગતીવીધી પડી રહ્યો છે. ગરમીના કારણે લોકોની કામ કરવાની ક્ષમતા ઘટી છે, જેથી ટર્નઓવર અને વેપાર પર આની 40% જેટલી અસર પડી હોવાનું જાણકારો કહી રહ્યા છે.

શ્રમિકો અને કર્મચારીઓને ગરમીથી રાહત આપવા માટે દીનદયાલ પોર્ટ ઓથોરિટી, કંડલાના પોર્ટ ક્ષેત્રમાં પાણી સાથે છાસ કેંદ્રો પણ શરૂ કરવામાં આવી રહ્યા છે.

પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે એકાદ લાખ જેટલા લોકોને રોજગારી પુરી પાડતા ટીમ્બર ઉદ્યોગ પર પણ ગરમીની અસર પડી છે. ટિમ્બર ઉધોગના બેન્સા, ફેક્ટરીઓમાં હવે વહેલી સવારે કામ શરૂ કરીને બપોરના કલાકોમાં કપાત કરાઈ છે, તેમજ સાંજના કલાકોમાં તેની પુર્તી કરવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે.

---

## નવકાર મહામંત્ર દિવસ:

આવતીકાલ નવમી એપ્રિલે વિશ્વ નવકાર મહામંત્ર દિવસ ઉજવાશે. વિશ્વના ૧૦૦ થી વધુ દેશોનાં કરોડો લોકો આ નવકાર મહામંત્રનાં જાપ કરી વિશ્વ વિક્રમ સર્જશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દિલ્હી થી તેમજ ગુજરાત સહિત નવ રાજ્યોનાં મુખ્ય મંત્રીઓ વિવિધ સ્થળોએથી તેમ જોડાશે. કચ્છમાં ભુજ સહિત વિવિધતાલુકાઓમાં આ કાર્યક્રમનું આયોજન થયું છે.

પુર્વ ધારા સભ્ય પંકજ મહેતાએ આ અંગે વધુ વધુ માહિતી આપી હતી.

---

## કચ્છ-યુનિવર્સિટી પી.એચ.ડી:

કચ્છ યુનિ.ની પીએચડી પ્રવેશ પરીક્ષા આપનારા 325માંથી 145 વિદ્યાર્થીઓ પાસ થયા છે. યુનિવર્સિટીમાં પીએચડી માટે કુલ 627 વિદ્યાર્થીએ અરજી કરી હતી. જેમાંથી 226 વિદ્યાર્થીને

યુનિવર્સિટીના નિયમો મુજબ નેટ/જીસેટ ક્લિયર હોવાથી પ્રવેશ પ્રક્રિયાથી મુક્તિ મળી હતી, જ્યારે 401 વિદ્યાર્થીને પ્રવેશ પરીક્ષા આપવાની હતી. જેમાંથી 325 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

પ્રશ્ન પેપરની આન્સર કી અને પ્રોવિઝનલ રીઝલ્ટ કચ્છ યુનિવર્સિટીની વેબસાઈટ પર જાહેર કરાયું છે. ઉપરાંત, વિદ્યાર્થીઓને તેમના દ્વારા ભરાયેલ OMR સીટની કોપી તેમના ઈમેલ પર મોકલવામાં આવી છે. પ્રોવિઝનલ રીઝલ્ટની જાહેરાત બાદ યુનિવર્સિટી દ્વારા 9 એપ્રિલ સુધી વિદ્યાર્થીઓને પ્રશ્ન પેપર, આન્સર કી અને પરિણામમાં કોઈ પ્રશ્ન હોય તો રજૂઆત કરવા માટે અનુરોધ કરાયો છે. ત્યારબાદ, પીએચડી પ્રવેશ પરીક્ષા 2025 નું અંતિમ પરિણામ જાહેર થશે અને તે પછી ઇન્ટરવ્યૂ અને પ્રેઝન્ટેશન જે તે વિષયના વિભાગો દ્વારા યોજાશે.

---

## પુસ્તક પરબ:

માતૃભાષા અભિયાન દ્વારા પુસ્તક પરબનો 100 મો મણકો ગાંધીધામમાં ગોપાલપુરી પોર્ટ ખાતે યોજાયો હતો. આ નિ:શુલ્ક પુસ્તક પરબમાં 1142 પુસ્તકોનું આદાન પ્રદાન કરવામાં આવ્યું હતું. જેમાં 600 પુસ્તકો વાચકો દ્વારા પરત આવ્યા હતા જ્યારે 542 પુસ્તકો ઇસ્યુ કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, પુસ્તક પરબમાં દાતાઓ દ્વારા આપવામાં આવેલા પુસ્તકો દ્વારા છેલ્લા એક દાયકાથી ગાંધીધામ સંકુલના વાચક પ્રેમીઓની તૃષા સંતોષવાનું કાર્ય કરવામાં આવી રહ્યું છે.

---